સૂર્યમંદિરના સાનિધ્યમાં 'ઉત્તરાર્ધ ઉત્સવ' ઉજવાશે ત્યારે શિલ્પકલા અને નૃત્યકલાનો એક ભવ્ય સમન્વય રચાશે

મહેસાણા, તા. ૧૮

ભારતીય સંસ્કૃતિ, કલા અને સ્થાપત્યના અજોડ વારસાની જાણકારી આમજનતાને મળે અને ભારતીય નૃત્ય કલાની ગુરુ-શિષ્યની ભવ્ય પરંપરાનો લોકોને પરિચય થાય તે માટે પ્રતિવર્ષે મહેસાણા જિલ્લાના મોઢેરા ખાતે 'ઉત્તરાર્ધ ઉત્સવ' ઉજવાય છે. મોઢેરાનું સૂર્યમંદિર પ્રાચીન ગુજરાતના સ્થપતીઓએ સ્થાપત્યની પૂર્ણતા પ્રાપ્ત કરવા આદરેલ પ્રયત્નોનું પ્રતીક છે. આ મંદિર-સંકુલનું બાંધકામ ભીમદેવે (ઇ.સ. ૧૦૨૬માં) કરાવ્યું હતું. મંદિર સામેનો સુર્યકુંડ આ ભવ્ય મહાલયની ગૌરવ પતાકા સમાન છે.

રાજ્યના મહેસાણા જિલ્લાના મોઢેરા ખાતે આ વખતે પણ રાજ્યના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ, વેસ્ટઝોન કલ્ચર સેન્ટર, ઉદેપુર અને કલેક્ટર કચેરી, મહેસાણાના ઉપક્રમે તા. ૨૦-૨૧ જાન્યુઆરી-૨૦૧૩ દરમ્યાન બે દિવસીય ઉત્તરાર્ધ મહોત્સવનું આયોજન કરાયું છે. જેમાં ભારતના વિખ્યાત શાસ્ત્રીય નૃત્ય-કલાકારો દ્વારા ભગવાન ભાસ્કરની વંદનાની વિવિધ કૃતિઓ રજુ કરવામાં આવશે. ઉત્તરાર્ધ મહોત્સવનો શુભારંભ તા. ૨૦ જાન્યુઆરીની સાંજે ૭.૩૦ કલાકે રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા અને રમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રીશ્રી રમણભાઈ વોરાના વરદ હસ્તે કરવામાં આવશે.

ઉત્તરાર્ધ મહોત્સવમાં આ વખતે ઓડીસી, ભરતનાટ્યમ અને કુચીપુડી નૃત્યો રજુ કરવામાં આવશે. પ્રથમ દિવસે તા. ૨૦મી જાન્યુઆરીએ સુશ્રી ગૌરી દ્વિવેદી (દિલ્હી) દ્વારા ઓડીસી અને સુશ્રી ઉમા અંતાણી (અમદાવાદ) દ્વારા ભરતનાટ્યમ નૃત્ય રજુ કરવામાં આવશે. તા. ૨૧મી જાન્યુઆરીએ સુશ્રી રમિન્દર ખુરાના (મુંબઈ) દ્વારા ઓડીસી અને સુશ્રી બીના મહેતા (અમદાવાદ) દ્વારા કુચીપુડી નૃત્યકલા પ્રસ્તુત કરવામાં આવશે.

બનાસકાંઠા નજીક આવેલ રાજસ્થાનનું પર્યટક સ્થળમાં આબુ ઠંડુગાર બન્યું

રાજસ્થાન ખાતે આવેલ સુપ્રસિદ્ધ માઉન્ટઆબુ ઠંડુગાર બનતા સહેલગાહે ગયેલા સહેલાણીઓ અટવાયા. અચાનક આવેલા વાતાવરણમાં પલ્ટાના કારણે અને કમોસમી વરસાદના કારણે વાતાવરણ ઠંડુગાર બની જતાં બરફ જેવી હાલત થવા લાગતા સહેલાણીઓ હોટલોમાં પુરાયા રહેવું પડ્યું. નક્કી લેકની બોટો પણ કિનારે આવીને પડી રહેલી હતી. હાડ થીજાવી નાખતી ઠંડીના કારણે પર્યટકો પાસેથી રોઝી રોટી કમાતા નાના મોટા વેપારીઓએ મુંઝવણમાં મુકાયા છે.

મહેસાણામાં વિવિધ યોજના હેઠળ બેરોજગાર યુવાનોને રાષ્ટ્રીયકૃત બેંકો લોન આપવામાં આનાકાની કરતા અરજદારોમાં આક્રોશ

મહેસાણા, તા. ૮

મહેસાણા જિલ્લામાં કુટિર ઉદ્યોગ, બેંકેબલ, વડાપ્રધાન રોજગાર યોજના તેમજ રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ હેઠળ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની ભલામણથી આવતી બેરોજગાર યુવાનો અને ધંધાર્થીઓની લોન અંગેની અરજીઓ પર ધિરાણ આપવામાં રાષ્ટ્રિયકૃત બેંકો આનાકાની કરતી હોઈ અરજદારોમાં ઘેરા અસંતોની લાગણી પ્રસરી છે.

મહેસાણા જિલ્લામાં ભારતીય સ્ટેટ બેંક, દેનાબેંક, બરોડા બેંક, સિન્ડિકેટ બેંક, ગ્રામિણબેંક સહિત અન્ય બેંકોની શાખાઓ આવેલ છે. જે બેંકોને સરકારી ધારાધોરણ મુજબ ધંધા રોજગાર માટે બેંકબલ યોજના હેઠળ જરૂરમંદ નાગરિકોને ધિરાણ યા લોન આપવાની હોય છે. પરંતુ તાલુકામાં આવેલ આવી બેંકો બેરોજગાર યુવાનો તેમજ નાના મોટા ધંધાર્થીઓને ધિરાણ આપવામાં અખાડા કરીને ધિરાણ આપવાનું ટાળતી હોવાની લોક ફરિયાદો ઉઠી છે.

જાણવા મળ્યા મુજબ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા જે કેસો મંજૂર થાય છે. અને ધિરાણ આપવાની ભલામણ થાય છે. તે પૈકી મોટાભાગના કેસોમાં કોણ જાણે કેમ ધિરાણ આપવામાં બેંકો તત્પરતા બતાવતી નથી. અને યેનકેન પ્રકારે અરજદારોને ધક્કા ખવડાવી છેવટે કોઈ બહાના કાઢીને ધિરાણ આપવામાં આવતું નથી.

કહે છે કે જિલ્લાની બેંકોમાં સબસીડીવાળા કેટલાક કેસો પેન્ડિંગ છે. આવા કેસોમાં બેંકો દ્વારા દિરાણ આપવામાં ગલ્લાંતલ્લાં કરાતાં ઉદ્યોગ કેન્દ્ર દ્વારા મોકેલાયેલ અરજીઓનો નિકાલ થયો નથી.

અરજદારોના જણાવ્યા મુજબ સરકારની યોજના અંતર્ગત લોન માટે અરજી કરનારાઓને તગડી ડીપોઝીટ જમા કરાવવાનું તેમજ ઈન્કમટેક્ષ રીટર્ન ભરનારા બે પાકા જામીન આપવાની માગણી કરાય છે. બીજુ જે કોઈ લોન મંજૂર કરાય તો તેમાં માડં ૨૫ થી ૪૦ ટકા સુધીનું જ ધિરાણ ના છૂટકે આપવા બેંકો સહમત થતી હોવાનું કહેવાય છે.

કહે છે કે, લગભગ રાજકીય ભલામણ તથા બેંકોના મેનેજરો સાથે સારા સંબંધ ધરાવનારાઓને સહેલાઈથી ધિરાણ મળી જાય છે. આવા ધિરાણોમાં સરવાળે બેંકોને જોખમ થાય તેવું બનતું હોય છે.

પાલનપુરની પાવર હાઉસ વિસ્તારની ત્રણ દુકાનોના તાળા તુટ્યા

કડકડતી ઠંડીનો લાભ લઈને તસ્કરો ત્રાટક્યા

પાલનપુર,તા. ૧૮

પાલનપુરના સીટીલાઈટ વિસ્તારની બાજુમાં આવેલ પાવરહાઉસના કોમ્પલેક્ષમાં આવેલ ત્રણ દુકાનોના તાળા રાત્રી દરમ્યાન તસ્કરોએ હાડ થીજાવતી ઠંડીનો લાભ લઈને તોડી રોકડ રકમ તેમજ વસ્તુઓની ચોરી કરી નાસી છુટ્યા હતા. આ ઘટના સંદર્ભે પૂર્વ પોલીસમાં ચોરીની ફરિયાદ નોંધાવવા પામી છે.

પાવરહાઉસના કોમ્પલેક્ષમાં આવેલ એક સ્ટોરની દુકાનમાંથી શટર તોડવાનો નિષ્ફળ પ્રયાસ કરાયો હતો. તે ન ખુલતાં તેની પાસે આવેલ નોવેલ્ટી આઈટમોની નોવેલ્ટી દુકાનનું તાળુ તોડીને દુકાનમાં પ્રવેશ કરીને ગલ્લામાંથી રોકડ રકમ તથા દુકાનની બે કટારો તથા અન્ય માલસામાન ચોરી કરી હતી. જ્યારે અન્ય એક ફૂટવેરની દુકાનમાંથી ચોરો નવિન દુકાનમાં રાખેલા બુટો પહેરીને ચોરી કરેલ તેમજ ગલ્લામાં પડેલ રોકડ રકમની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ બાબતે ફૂટવેરવાળાએ શહેરના પૂર્વ પોલીસમથકે ફરિયાદ નોંધાવી છે. કડકડતી ઠંડીના આગમનના કારણે સાંજ પડતા જ રસ્તાઓ સુમસામ બની જાયછે. તેનો લાભ લઈને તસ્કરો ત્રાટકે છે. જિલ્લા પોલીસવડા પોલીસ પેટ્રોલીંગ વધારે તેવી નગરજનોની માંગ છે.

દેશ પ્રેમી આર્મીમેન રણછોડ પગીનું નિધન

ડીસા, તા. ૧૮

વર્ષ ૧૯૬૫ અને ૧૯૭૧માં થયેલા ભારત-પાકિસ્તાન યુધ્ધ ખતે આપણા ૧૦ હજાર જવાનોની બટાલીયનને બચાવનાર બનાસકાંઠા સરહદી વિસ્તારે આવેલા લીંબાળા ગામના રણછોડ પગીનું ગતરાત્રે નિધન થયેલ છે. જેઓની ઉંમર ૧૨૦ વર્ષની હતી. અને તેઓ ઘણા સમયથી બિમાર હતાં. મોડી રાત્રે અચાનક તેમનું નિધન થયું હતું. જેનાંથી ગામમાં શોકનું મોજુ ફરેલ છે.

ભારત-પાકિસ્તાન વચ્ચે ૧૯૬૫ અને ૧૯૭૧ના યુધ્ધ સમયે રણછોડભાઈ સવાભાઈ રબારી ભારતીય લશ્કરને બનાસકાંઠાની સરહદથી છેક પાકિસ્તાનના નગર પારકર સુધી દોરી ગયા હતાં. અને ૧૦ હજારની બટાલીયનને બચાવી લીધી હતી. હમેંશા ખુમાદી ભર્યું જીવન જીવવા માટે જાણીતા રણછોડ પગી પાસે બે ત્રણ મેડલ અને કાચી માટીના ખોરડા સિવાય કશુજ ન હતું.

અત્રે નોધનીય છે કે સ્વર્ગદય માણેક શાહ પણ રણછોડ પગી નગર પારકરમાં હતાં. ત્યારે જનરલ માણેકશાએ રણછોડ પગીને ડિનર લેવાનું આમંત્રણ આપ્યું હતું. પાકિસ્તાનના પેથાપુર ગથડો ગામમાં જમીન અને પશુ ધરાવતા રણછોડભાઈ રબારી પાકિસ્તાની સૈનિકોના ત્રાસથી વાવના રાધાનેસડા ગામમાં સ્થાઈ થયા હતાં. ભારત-પાકિસ્તાનના ભાગલા દરમીયાન એ ૩૧ વર્ષ ૨ માસ અને ૨૬ દિવસ દેશની સેવા કરવા બદલ સરકાર તરફથી સમર સેવા સ્ટાર-મેડલ ૧૯૬૫, સંગ્રામ મેડલ અને પોલીસ મેડલ ફોર મેરી ટોરીયસ સર્વિસ ઈન્ડીયન પોલીસ તેમને એનાયત થયા હતાં. તેઓ તે બાદ ૩૧-૭-૯૨ના રોજ સ્વાચ્છીક નિવૃત થયા હતાં. જેઓના અવસાનથી સમગ્ર દેશે એક બહાદુર આર્મીમેન ગુમાવેલ છે.

કૃષિ ક્ષેત્રે વિશિષ્ટ કાર્ય કરનાર બાયડના ખેડૂતનું સન્માન કરાયું

ગાંધીનગર, તા.૧૮

રાજકોટ ખાતે તાજેતરમાં ઈન્ફોકોમ વર્લ્ડ ઓર્ગેનાઈઝેશન દ્વારા આયોજીત એગ્રોટોક ઈન્ડિયા કૃષિ મેળામાં પ્રગતિશીલ ખેડૂતોને સન્માનિત કરવા માટેનો ખાસ કાર્યક્રમ યોજાયો હતો. જેમા સાબરકાંઠા જિલ્લાના બાયડ તાલુકાના ભૂડાસણ ગામના કૃષિ ક્ષેત્રે વિશિષ્ટ કાર્ય કરનાર તેમજ ખેડૂતો માટે પ્રેરણારૂપ દેષ્ટાંત બની રહેનાર ૬૫ વર્ષનું આયુષ્ય વટાવી ચુકેલા શંકરભાઈ નાથાભાઈ પટેલનું જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના ઉપકુલપતિ ડૉ. એન.સી. પટેલ, ઈન્ફોકોમ વર્લ્ડ ઓર્ગેનાઈઝેશના ચેરમેન જયેશ રાંદડીયાના વરદ્ હસ્તે તેઓને ખેડૂત મિત્ર એવોર્ડ એનાયત કરી રૂ. ૧૧૦૦૦નો રોકડ પુરસ્કાર, એવોર્ડ, સન્માનપત્ર અને શાલ ઓઢાડી બહુમાન કરાતાં સાબરકાંઠા જિલ્લાના ખેડૂતોમાં આનંદ છવાયો હતો.

આ અગાઉ સદર ખેડૂતે બટાટા પાક ઉત્પાદન હરિફાઈમાં પણ મુખ્યમંત્રીના વરદ હસ્તે સૌથી વધુ ઉત્પાદન મેળવવાનો એવોર્ડ હાંસલ કરી બાયડ તાલુકાને ખેતી ક્ષેત્રે સમગ્ર રાજયમાં ગૌરવ અપાવ્યું છે. આ અગાઉ પણ તેઓને ગુજરાત સરકાર તરફથી સરદાર પટેલ કૃષિ સંશોધન એવોર્ડ એનાયત કરી કૃષિ ઋષિનું બિરૂદ આપવામાં આવ્યું હતું. તેમજ સરદાર વલ્લભભાઈ પટેલ ફાઉન્ડેશન, ન્યુ દિલ્હી દ્વારા તેઓનું ન્યુ દિલ્હી ખાતે જાહેર સન્માન કરી જૈવિક ખેતી ક્ષેત્રે સરદાર પટેલ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

પ્રાંતિજ કોંગ્રેસ કાર્યાલય ખાતે ધારાસભ્યનો સન્માન સમારોહ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૮

પ્રાંતિજ કોંગ્રેસ કાર્યાલય ખાતે આજે પ્રાંતિજ કોંગ્રેસ દ્વારા પ્રાંતિજના ચૂંટાયેલા ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાનો સન્માન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે મહેન્દ્રસિંહ વાઘેલા, રાજુભાઈ ચાવડા, નરેન્દ્રભાઈ પટેલ વગેરે આગેવાનો હાજર રહ્યા હતા.

ખેરાલુ કોલેજનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા. ૧૮

મહેસાણા જિલ્લાના ખેરાલુમાં આવેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખેરાલુના વિદ્યાર્થીઓનો સૌરાષ્ટ્રનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓએ ધાર્મિક અને ઐતિહાસિક સ્થળોની મુલાકાત લીધી હતી.

કોલેજના આચાર્ય રણછોડભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ શૈક્ષણિક પ્રવાસમાં નરસિંહભાઈ વણકર, સુરેશભાઈ પ્રજાપતિ, રમેશભાઈ શ્રીમાળી અને વિદ્યાર્થીઓ જોડાયા હતા. વિદ્યાર્થી પ્રતિનિધિ હિરેન ચૌધરી, જયમીન ચૌધરી, પ્રજ્ઞેશ પટેલ, નૈયા મોદી, દિવ્યા પટેલ વગેરેએ સૌરાષ્ટ્રના વિવિધ ઐતિહાસિક સ્થળો અને તુલસીશ્યામ, સોમનાથ, ગિરનાર અને ચોટીલા જેવા ધાર્મિક સ્થળોની મુલાકાત લીધી હતી અને તેને લગતી પૌરાણિક માહિતી મેળવી હતી. જ્યારે ધાર્મિક સ્થળોની મુલાકાત લઈ તેની સાથે સંકલાયેલી સુંદર માહિતી અને ફોટોગ્રાફ એકત્રીત કર્યા હતા.

ખેરાલુ કોલેજનું ગૌરવ

હિંમતનગર, તા.૧૮

હિંમતનગરના ગ્રોમોર ફાઉન્ડેશન ખાતે આયોજીત હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ૨૪માં ખેલકૂદ રમતોત્સવમાં ખેરાલુ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના એથ્લેટીકસ ના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી કોલેજનું ગૌરવ વધાર્યું હતું.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ૨૪માં ખેલકુદ રમતોત્સવમાં ખેરાલુ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના એથ્લેટીકસના ખેલાડીઓ વિપુલ ચૌધરી ભાલા ફેંકમાં ગોલ્ડ મેડલ, સેજલ ઠાકોરે ગોળાફેંકમાં સીલ્વર તથા ચક્રફેંકમાં બ્રોન્ઝ મેડલ અને મંજુલા ઠાકોરે ભાલા ફેંકમાંસિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. જયારે વિપુલ ચૌધરીએ ૫ર.૮૨ મીટર ભાલાફેંકનો થ્રો કરી વિજેતા તથા આગામી સમયમાં કલ્યાણી યુનિવર્સિટી કલકત્તા ખાતે યોજાનાર કેમ્પમાં પસંદગી પામ્યા છે.

વિદ્યાર્થી વિપુલે હાંસલ કરેલી સિધ્ધી બદલ કેળવણી મંડળ, કોલેજ પરિવાર, આચાર્ય આર.એચ. ચૌધરી કોચ બી.એફ. દેસાઈએ શુભેચ્છા પાઠવી હતી.

ખાનગી ચેનલના પત્રકારોની આગોતરા જામીન અરજી રદ

ડીસા, તા. ૧૮

ગુંદરી ચેકપોસ્ટ પર કેટલાક ખાનગી ચેનલના પત્રકારો ઓબીવાન તથા ઈનોવા ગાડીમાં સવાર થઈ ગુંદરી આર.ટી.ઓ. ચેકપોસ્ટ પર ગત તારીખ ૨૫ નવેમ્બર ૨૦૧૨ના રોજ પહોંચ્યા હતાં. જોકે તે બાદ આર.ટી.ઓ. ઈનસ્પેક્ટર અને કચેરીના સ્ટાફ સાથે પત્રકારોની કહેવાતી તકરાર થઈ હતી. જેમાં આર.ટી.ઓ. ઈનસ્પેક્ટરે પત્રકારો વિરૂધ્ધ પાંથાવાડા પોલીસ મથકે લુંટ તેમજ સરકારી કામમાં રૂકાવટ ઉભી કરવી સહીતનો ગુનો દાખલ કરાવ્યો હતો. જેમાં આગોતરા જામીન મેળવવા પત્રકારોએ ડીસાના એડી. સેશન્સ જજ સાહેબની કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. જોકે નામદાર કોર્ટે આ જામીન અરજી રદ કરતાં ચકચાર મચેલ છે.

જેની વિગતો જોઈએ તો ગુંદરી આર.ટી.ઓ. ચેક પોસ્ટ પર આર.ટી.ઓ. ઈનસ્પેક્ટર આર.જે. દેસાઈ અને સ્ટાફ ફર્જ પર હાજર હતાં, ત્યારે ગત ૨૫મી નવેમ્બર ૨૦૧૨ના રોજ ખાનગી હિન્દી ન્યુઝ ચેનલના મહીલા પત્રકાર સહિતના કેટલાક રીપોર્ટરો ગુંદરી ખાતે કહેવાતા રીપોર્ટીંગના કામે પહોંચ્યા હતાં. આ રીપોર્ટરો પાસે ઓબીવાન તથા એક ઈનોવા ગાડી હતી. જોકે તે બાદ આ મામલે

આર.ટી.ઓ. કર્મચારી સાથે પત્રકારોએ કહેવાતી તકરાર કરી હતી. જેથી આ મામલે આર.ટી.ઓ. ઈનસ્પેકટર આર.જે, દેસાઈએ પાંથાવાડા પોલીસ મથકે ફસ્ટ ગુના રજી. નં. ૯૩/૨૦૧૨ આઈ.પી.સી. કલમ. ૩૯૫, ૧૮૬, ૩૩૨ વિગેરે મુજબ તમામ પત્રકારો વિરૂધ્ધ ફરીયાદ કરી હતી. જે કામમાં પાંથાવાડા પોલીસે તપાસ હાથ ધરી હતી.

આ ફરીયાદમાં આર.ટી.ઓ. ઈનસ્પેકટર આર.જે, દેસાઈએ જાહેર કર્યું હતું કે આ પત્રકારો વાહનો લઈ આર.ટી.ઓ. કચેરી ગુંદરી ખાતે આવ્યા હતાં. અને કચેરીમાં ઘુસી રજીસ્ટર અને સરકારી કાગળોનું જબરજસ્તી સુટીંગ કર્યું હતું. અને બધા પત્રકારોને પૈસા આપોછો તેવું કહી પૈસાની માંગણી કરી રોકડ કેશમાં પડેલી સરકારી રકમ સાથે છેડ-છાડ કરી, કેશીયર આર.કે. શ્રીમાળીની જવાબદારી વાળી કેશમાંથી રૂપિયા ૪ હજારની બળજબરીથી લુંટ કરી કચેરીના ટેબલો અને ખુરશીઓ ઉંધી પાડી પાંચ લાખ નહી આપો તો તમારી બદનામી કરતાં. સમાચારો પ્રસિદ્ધ કરી તમને સસ્પેન્ડ કરાવી દઈશું તેવી ધમકીઓ આપી હતી.

આમ ઉપર મુજબની ફરીયાદ આર.ટી.ઓ. ઈનસ્પેકટર આર.જે, દેસાઈએ દાખલ કરાવતાં. આ સમગ્ર મામલો સંગીન બન્યો હતો. જોકે તે બાદ પત્રકાર એવા (૧) પરમાર રમેશભાઈ કમાભાઈ. રહે. શક્તિનગર સોસાયટી, તા. બહુચરાજી. જી. મહેસાણા, (૨) નાઈ મેહુલકુમાર પ્રહલાદભાઈ, ધંધો,. કેમેરામેન. રહે. ડભોડા. તા.જી. ગાંધીનગર (૩) શ્યોરાન ઉમંગ વિજયકુમાર ધંધો રીપોર્ટર રહે. ઘર.નં. ૩૪૮ સેક્ટર-૨૧, પાંચકુલા, ચંદીગઢ (હરીયાણા) (૪) શ્યોરાન વિજયકુમાર સુખબીર ધંધો રીપોર્ટર રહે. ઘર.નં. ૩૪૮ સેક્ટર-૨૧, પાંચકુલા, ચંદીગઢ (હરીયાણા) વાળાઓએ ડીસાના પાંચમાં એડી. સેશન્સ જજ સાહેબની કોર્ટનમાં આગોતરા જામીન મેળવવા ક્રિમીનલ પરચુરણ અરજ નં. ૧૬/૨૦૧૩ દાખલ કરી હતી.

આ કામમાં પત્રકારો તરફે વકીલશ્રી કે.એમ. ખાખલેચા દ્વારા જયારે સરકાર તરફથી પબ્લીક પ્રોસીક્યુટર આર.પી.વૈષ્ણવ દ્વારા સામા-સામે દલીલો કરાઈ હતી. જેમાં બન્ને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ નામદાર એડીશનલ સેશન્સ જજ એચ.વી. ક્રિસ્ચિયન દ્વારા આગોતરા જામીન અરજી રદ કરતો હુકમ કરાયો હતો. જેનાંથી આ કહેવાતા કામમાં સંડોવાયેલા પત્રકારોની મુસીબતમાં વધારો થયેલ છે.

વીરમાયા સ્મારક સંકુલ અર્થે ૨૦મીથી પાટણ ખાતેથી રથયાત્રાનો પ્રારંભ થશે

પાટણ, તા. ૧૮

પાટણના સહસ્ત્રલીંગ સરોવરમાં પાણી માટે બલિદાન આપનાર વણકરવીર દલિત મહા માનવ વીરમાયાની યાદમાં અને માયા ટેકરી પાટણ મુકામે બાંધવામાં આવી રહેલ સ્મારક સંકુલ માટે જરૂરી દાન ફાળો મળે તે માટે ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં રથયાત્રા યોજાશે. જેના અંતર્ગત તા. ૨૦મી જાન્યુઆરીએ સવારે ૧૦ કલાકે પાટણથી આ રથયાત્રા નીકળવામાં આવશે.

વીરમાયા સ્મારક સમિતિ - ગુજરાત વણકર સમાજ પાટણના મહામંત્રી ડી.પી. પરમાર એક નિવેદનમાં જણાવે છે કે મહા સુદ-૭ સવંત ૧૧૯૪ના દિવસે પાટણના સહસ્ત્રલીંગ સરોવરમાં પાણી માટે બલિદાન આપનાર વણકરવીર-દલિત મહામાનવ વીરમાયાએ બલિદાન આપેલ અને સરોવર છલકાયેલ હોવાનો ઈતિહાસ છે. આ માયાદેવનું સ્મરણ કરવા અને વીરમાયા સ્મારક સમિતિ ગુજરાત વણકર સમાજ તરફથી માયા ટેકરી પાટણ મુકામે બાંધવામાં આવી રહેલ સ્મારક સંકુલ માટે જરૂરી દાન ફાળો મળે તે માટે પ્રથમ તબક્કે ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં રથયાત્રા યોજવાનો નિર્ણય થયેલ છે. તદ્અનુસાર તા. ૨૦ જાન્યુઆરી-૨૦૧૩ રવિવારના દિવસે સવારે ૧૦.૦૦ કલાકે પાટણથી રથયાત્રા નીકળવાની છે. આ રથયાત્રાને પ્રસ્થાન કરાવવા ઝાંઝરકાના મહંત પરમ પૂજ્ય આદરણીય શંભુનાથ મહારાજને તથા ગુજરાત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી રમણભાઈ વોરાએ આમંત્રીત કરવામાં આવેલ છે. સંસદસભ્ય કીરીટભાઈ સોલંકી અને અન્ય મહાનુભાવોને આ પ્રસંગે પધારવા આમંત્રીત કરેલ છે.

વીરમાયા રથયાત્રા પાટણ શહેર અને જિલ્લો, પાલનપુર શહેર અને બનાસકાંઠા જિલ્લો, હિંમતનગર શહેર અને સાબરકાંઠા જિલ્લો, મહેસાણા શહેર અને મહેસાણા જિલ્લો, ગાંધીનગર શહેર અને જિલ્લો, અમદાવાદ શહેર અને જિલ્લામાં લગભગ ૨૫ દિવસ માટે રથયાત્રા ફરશે તેવું આયોજન છે. એમ વીરમાયા સ્મારક સમિતિના મહામંત્રી ડી.પી. પરમારે જણાવ્યું છે.

લક્ષ્મીપુરા ગામની દામાવાસ હાઈસ્કૂલમાં નેત્રનિદાન કેમ્પ અને ચિત્ર સ્પર્ધા યોજાઈ

લક્ષ્મીપુરા, તા. ૧૮

સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે ખેડબ્રહ્મા તાલુકાના દામાવાસમાં આવેલ એન.પી. ધોળુ જ્ઞાનતીર્થ વિદ્યાલયમાં ક્ષીરજામ્બા માતાજી ટ્રસ્ટ ખેડબ્રહ્માના સહયોગથી સર્જન ફાઉન્ડેશન અમદાવાદ આયોજીત મફત નેત્ર નિદાન સારવાર કેમ્પ, વક્તવ્ય અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ નેત્ર નિદાન કેમ્પ સારવાર કેમ્પમાં કુલ ૫૫૦ દર્દીઓને નિષ્ણાંત ડૉક્ટરો દ્વારા તપાસ કરવામાં આવી હતી. જેમાં ૬૪ જેટલા દર્દીઓને મોતીયા હોવાનું માલુમ પડતા તેમને ઓપરેશન માટે આત્મવલ્લભ હોસ્પિટલ ઈડર ખાતે રીફર કરાયા હતા. જ્યારે ૩૩૭ દર્દીઓને ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વિવેકાનંદજીના જીવન ચરિત્ર વિશે વક્તવ્ય વિડીયો કલીપ દ્વારા બતાવવામાં આવ્યું હતું. તથા ચિત્ર સ્પર્ધા પણ યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામગ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૬૮૨૪૦-૬૪૬૨૮